GJJN210008732019

| | |
|---|---|
| મળ્યા તારીખ | ૦૪ / ૦૯ / ૨૦૧૯ |
| નોંધણી તારીખ | ૦૪ / ૦૯ / ૨૦૧૯ |
| **ફેંસલ તારીખ** | **૦૯ / ૦૬ / ૨૦૨૬** |
| અવધિ | વર્ષ ૦૬ / માસ ૦૯ / દિવસ ૦૫ |

આંક : ______

**કેશોદના નામદાર એડિશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુ.કેશોદ, જી.જુનાગઢ.**

**સ્પેશ્યલ (ઈલેકટ્રીસીટી) કેસ નં. ૪૦ / ૨૦૧૯**

જુનાગઢ જીયુવીએનએલ પો.સ્ટે. ગુ.ર. નં.૮૭૨/૨૦૧૯
ધી ઈન્ડીયન ઈલેકટ્રીસિટી એકટ, ૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબ

| | |
|---|---|
| ફરીયાદ પક્ષ | **શ્રી સરકાર,**<br>મૂળ ફરીયાદી : વિપુલકુમાર ગીરજાશંકર પુરોહિત,<br>નાયબ ઈજનેર, પીજીવીસીએલ,<br>ચોરવાડ સબ ડીવિજન |
| ફરીયાદ પક્ષ તરફે | વિધ્વાન એ.પી.પી. શ્રી એ. એમ. પારેખ |
| આરોપી પક્ષ | **વશરામભાઈ ભીખાભાઈ ચુડાસમા,**<br>ઉ.વ. : ૪૨, ધંધો : જીંગા ફાર્મ,<br>રહે.દંડેશ્વર મહાદેવ મંદિર પાસે, ચોરવાડ,<br>તા.માળીયા હાટીના, જી.જુનાગઢ. |
| આરોપી પક્ષ તરફે | વિધ્વાન વકીલ શ્રી આર. ડી. વાઢેર |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૩/૦૫/૨૦૧૯ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૪/૦૫/૨૦૧૯ |
| આખરી અહેવાલની તારીખ | ૨૯/૦૭/૨૦૧૯ |
| તહોમતનામાની તારીખ | ૦૩/૦૩/૨૦૨૦ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૭/૧૧/૨૦૨૩ |

| | |
|---|---|
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ર૬/૦પ/ર૦ર૬ |
| ચૂકાદાની તારીખ | ૦૯/૦૬/ર૦ર૬ |

## આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ? | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪ર૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | વશરામભાઈ ભીખાભાઈ ચુડાસમા, | ૦પ/૦૮/૧૯ | ૦પ/૦૮/૧૯ | ધી ઈન્ડીયન ઈલે. એકટની કલમ–૧૩પ | સજા | ત્રણ વર્ષની સાદી કેદની સજા | – |

## –:: ચૂ કા દો ::–

(૧)　ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૩–૦પ–ર૦૧૯ના રોજ ચોરવાડ દંડેશ્ર્વર મહાદેવ મંદિર પાસે પોતાના જીંગા ફાર્મ પાસે આવેલ પી.જી.વી.સી.એલ.ના ચાર લાઈનવાળા બે અલગ–અલગ પોલ પરથી પીળા કલરની સર્વિસ વાયર ૬ એમ.એમ. ચાર કોર એલ્યુ. પીવીસી કેબલ વાયર નંગ–ર, જેની લંબાઈ ૬૦ મીટર અને ૧પ મીટર વડે પોલના ફયુઝ ન્યુટ્રલના વાયરોમાંથી બન્ને ૬ એમ.એમ. ચાર કોર કેબલો તથા બીજા છેડાને સદર જગ્યાએ આવેલ લાકડાના પાટીયામાં ફીટ કરેલ ચાર નંગ ર૦૦એ કીટકેટ ફયુઝમાં આપી, ફયુઝના આઉટ ગોઈંગ ભાગથી સદર પાટીયામાં ફીટ કરેલ ૧ર નંગ સ્ટાર્ટર તેમજ અન્ય પીળા રંગના ૬ એમ.એમ. ચાર કોર કેબલ વાયર લંબાવી આશરે ૮૦ મીટર જેટલા વડે અન્ય લાકડાના પાટીયામાં ફીટ કરેલ ચાર નંગ સ્ટાર્ટરમાં વિજ જોડાણ આપી ડાયરેકટ અનઅધિકૃત રીતે મીટર બાયપાસ કરી જીંગા ઉછેરના ખાડામાં આવેલ પાણી ફેરવવાના એરીપેટર મશીનો કુલ નંગ–૧૬ ની ઈલિકટ્રીક મોટરો બે હોર્સ પાવરની વિજ જોડાણ કરી વાણીજય હેતુ માટે આરોપીએ બીનઅધિકૃત રીતે વિજ વપરાશ કરતા ચેકીંગ દરમ્યાન મળી

આવી અને તેમ કરીને આરોપીએ અનઅધિકૃત રીતે વિજ વપરાશ કરી રૂા.૧૫,૧૮,૭૨૬–૨૮ પૈસાની વિજ ચોરી કરી ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબનો ગુનો કર્યા અંગેનો ફરીયાદ પક્ષનો કેસ છે.

(૨) સદરહું ગુન્હાની ફરીયાદના આધારે જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન જુનાગઢના તપાસ કરનાર પોલીસ અધિકારીએ તપાસ કરી, સ્થળ નિરિક્ષણ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી લઈ, સ્થાનિક જગ્યાનું બે પંચો રૂબરૂ પંચનામું કરવામાં આવેલ, આરોપીને અટક કરી, તપાસને અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા તપાસ કરનાર અમલદારે સદરહું ગુન્હા અંગેનું આરોપી સામેનું ચાર્જશીટ માળીયા હાટીનાના જયુડિશ્યલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજુ કરતા, તે ફોજદારી કેસ નં.૫૩૨/૨૦૧૯થી દાખલ થયેલ. ત્યારબાદ સદરહું કેસ ચલાવવાની હકુમત સ્પેશ્યલ કોર્ટને હોય, સદર ફોજદારી કેસ આ અદાલતમાં તબદીલ થઈ આવતા, સ્પેશ્યલ ઈલેકટ્રીક કેસ નં.૪૦/૨૦૧૯થી રજીસ્ટરે નોંધવામાં આવેલ અને આ કામની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં, આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલાં, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપી સામેના આક્ષેપિત ગુન્હા અંગેનું આંક–૪ થી તહોમતનામું ફરમાવવામા આવેલ તથા આંક –૫ થી આરોપીની પ્લી લેવામાં આવેલ છે, જેમાં તેમની સામેના ગુનાનો ઈન્કાર કરી, કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે, જેથી આ કામ ફરીયાદ પક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

(૪) ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબના

મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

## (અ) મૌખિક પુરાવો :–

| અ. નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ ભરતભાઈ છગનભાઈ | ૧૨ |
| ૨ | સાહેદ સંજીવગીરી ભીખનગીરી ગૌસ્વામી | ૧૭ |
| ૩ | સાહેદ અશ્વિનભાઈ ઈશ્વરભાઈ ચૌહાણ | ૧૮ |
| ૪ | સાહેદ વિરજીભાઈ પરસોતમભાઈ ગોહેલ | ૨૧ |
| ૫ | સાહેદ નિલેશભાઈ નાનજીભાઈ પટેલ | ૨૨ |
| ૬ | ફરીયાદી વિપુલભાઈ ગીરજાશંકર પુરોહિત | ૨૬ |
| ૭ | સાહેદ ભરતભાઈ કેશવભાઈ કાતરીયા | ૩૨ |
| ૮ | સાહેદ અમૃતભાઈ ખીમજીભાઈ અઘેરા | ૩૩ |
| ૯ | પંચ સાહેદ ધીરૂભાઈ સામતભાઈ ડાભી | ૩૬ |
| ૧૦ | પંચ સાહેદ સાગરભાઈ જીણાભાઈ ભુવા | ૩૮ |
| ૧૧ | પી.એસ.ઓ. રેનિશકુમાર રતીલાલ વડારીયા | ૪૧ |
| ૧૨ | તપાસ કરનાર અધિકારી હસમુખભાઈ બચુભાઈ ગોહિલ | ૪૫ |

## (બ) દસ્તાવેજી પુરાવો :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | તપાસણી અહેવાલની ખરીનકલ | ૧૩ |

| | | |
|---|---|---|
| ૨ | કબજે લીધેલ મુદ્દામાલની વિગત દર્શાવતું પત્રકની ખરીનકલ | ૧૪ |
| ૩ | સ્થળ પરના રોજકામની ખરીનકલ | ૧૫ |
| ૪ | ગેટ પાસની ખરીનકલ | ૧૬ |
| ૫ | ફરીયાદ | ૨૭ |
| ૬ | વિજ ચોરીની રકમ ભરપાઈ કરવા બાબતે આરોપીને આપેલ નોટીસ | ૨૮ |
| ૭ | વિજ ચોરીનું બિલ | ૨૯ |
| ૮ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૩૭ |
| ૯ | એફ.આઈ.આર.ની ખરીનકલ | ૪૨ |
| ૧૦ | તપાસ સોંપણી હુકમ | ૪૩ |
| ૧૧ | સ્ટેશન ડાયરીની ખરીનકલ | ૪૮ |

આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે મૌખિક પુરાવો તપાસેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી પોતાનો પુરાવો પુરો થયાની પુરશીસ આંક–૪૯થી રજુ કરેલી છે.

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પોતાની વિરૂધ્ધના ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે, તેમજ તેઓએ પોતાના બચાવમાં સોગંદ ઉપર પુરાવો આપવા કે બચાવના સાહેદો તપાસવા ઈન્કાર કરેલ છે, તેમજ વિશેષમાં તેઓ નિર્દોષ છે, તેઓએ કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી કે તેઓ આ ગુન્હામાં સંડોવાયેલા ન હોવાનું જણાવી તેઓને

છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) ત્યારબાદ આ કામમાં ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એ. એમ. પારેખ તથા આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી આર. ડી. વાઢેરની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

વિધ્વાન એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, તેઓએ આ કામે કુલ–૧૨ મૌખિક પુરાવા તથા ૧૧ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. પી.જી.વી.સી.એલ.ના સાહેદો નિષ્પક્ષ સાહેદો છે, પ્રત્યક્ષ સાહેદો છે, તેમના ધ્વારા રજુ પુરાવાથી આરોપીએ અનઅધિકૃત રીતે વિજ વપરાશ કરી વિજ ચોરી કર્યાનું પુરવાર થાય છે. સરકારશ્રી સામેનો રેવન્યુ લોસ કરાવવાનો ગુનો છે, તેથી આરોપીને ઈલેકટ્રીસિટી એકટની કલમ–૧૩૫ મુજબ મહત્તમ સજા અને દંડ કરવા અરજ છે.

બચાવ પક્ષના વિધ્વાન વકીલશ્રીએ તેઓએ જે હકીકતો અંગે સાહેદોની ઉલટ તપાસમાં મુદ્દા ઉઠાવ્યા, તે જ હકીકતો અંગે દલીલ કરેલ છે, પરંતુ તેમની દલીલો માત્રથી પુરાવાના મુલ્યાંકનનો કોર્ટનો દ્રષ્ટિકોણ બદલાતો નથી.

(૭) ઉપરોકત હકીકત જોતાં, મારા નિર્ણય માટે નીચે મુજબના **મુદ્દા** ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૩–૦૫–૨૦૧૯ના રોજ ચોરવાડ દંડેશ્વર મહાદેવ મંદિર પાસે પોતાના જીંગા ફાર્મ પાસે આવેલ પી.જી.વી.સી.એલ. ના ચાર લાઈનવાળા બે અલગ–અલગ પોલ પરથી પીળા કલરની સર્વિસ વાયર વડે પોલના ફયુઝ ન્યુટ્રલના વાયરોમાંથી

બન્ને ૬ એમ.એમ. ચાર કોર કેબલો તથા બીજા છેડાને સદર જગ્યાએ આવેલ લાકડાના પાટીયામાં ફીટ કરેલ ચાર નંગ ૨૦૦એ કીટકેટ ફયુઝમાં આપી, ફયુઝના આઉટ ગોઈંગ ભાગથી સદર પાટીયામાં ફીટ કરેલ ૧૨ નંગ સ્ટાર્ટર તેમજ અન્ય પીળા રંગના ૬ એમ.એમ. ચાર કોર કેબલ વાયર લંબાવી આશરે ૮૦ મીટર જેટલા વડે અન્ય લાકડાના પાટીયામાં ફીટ કરેલ ચાર નંગ સ્ટાર્ટરમાં વિજ જોડાણ આપી ડાયરેકટ અનઅધિકૃત રીતે મીટર બાયપાસ કરી જીંગા ઉછેરના ખાડામાં આવેલ પાણી ફેરવવાના એરીપેટર મશીનો કુલ નંગ–૧૬ની ઈલેકટ્રીક મોટરો બે હોર્સ પાવરની વિજ જોડાણ કરી વાણીજય હેતુ બીનઅધિકૃત રીતે વિજ વપરાશ કરી રૂા.૧૫,૧૮,૭૨૬–૨૮ પૈસાની વિજ ચોરી કરી ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે,

(૧) હકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

## –:: કારણો ::–

**મુદ્દા નં.૧ તથા ૨ :**

(૯) Section 135 of the Electricity Act of 2003 deals with the theft of electricity. It aims to deter people from stealing electricity by imposing penatlies. The section 135 covers,

(i) Temparing with meters, transformer or other device that measure lectricity,

(ii) Making unauthorised connections to power lines, cables or service wire,

(iii) Damaging or destroying equipment that records electricity.

as per section 135 a person who dishonestly use energy can be sentenced for up to 3 years, fined at least Rs.1,000/- or both. In case on hand the accused is charged with offence of theft of electricity of PGVCL by making unauthorised connection to power line.

(૧૦) આક્ષેપિત વિરૂધ્ધ ધી ઈલેકટ્રીસિટી એકટ ૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબનો ગુનો પુરવાર કરવા નીચેની બાબત પુરવાર કરવાની રહેલી.

(૧) આરોપીના ભોગવટાની જગ્યા ઉપર પી.જી.વી.સી.એલ.ના અધિકૃત ચેકીંગ ટીમના સભ્યોએ તપાસણી કરી, ત્યારે તે સ્થળે પી.જી.વી.સી.એલ.નું ઈલેકટ્રીક મીટર/વિજ કનેકશન હોવા છતાં આરોપી ધ્વારા તે બાયપાસ કરી, અનઅધિકૃત રીતે વિજ વપરાશ કરવામાં આવતો હતો.

(૨) પી.જી.વી.સી.એલ. કે જે વિજ પ્રવાહ વિતરણ કરતી કંપની છે,

તેના વિજ લાઈનના પોલ પરથી ૬ એમ.એમ. ચાર કોર કેબલો ધ્વારા ડારેકટ વિજ પ્રવાહ મેળવવામાં આવેલ, જે વાયરો વિજ ચેકીં ગ ટીમે કબજે લીધેલ.

(૩) આરોપીના ભોગવટાની જગ્યા ઉપર ચેકીંગ સમયે ૬ એમ.એમ. ટવીનકોર એલ્યુમીનીયમ વાયરથી વિજ વપરાશ સીધો ચાલતો હતો, જે બાબતે આરોપી પાસે કોઈ ખુલાસો નહોતો.

(૪) વિજ ચેકીંગ ટીમના સત્તાવાર અધિકારી ધ્વારા સ્થળ ઉપર રોજકામ કરી, વિજ ચોરી કંઈ રીતે થાય છે તેનો તાદ્રશ અહેવાલ તૈયાર કરેલો, હાજર આરોપીને તેની જાણ કરાયેલી, વિજ ચોરી અંગેનું બિલ આરોપીને આપવામાં આવેલ.

(૫) ઉપરોકત તમામ હકીકતોનું સર્વાંશે મુલ્યાંકન કર્યા બાદ વિજ ચોરીના કિસ્સામાં ધી ઈન્ડીયન ઈલિકટ્રીસિટી એકટની કલમ–૧૩૫(૧)ના ત્રીજા પરંતુક મુજબ કોર્ટ આરોપી વિરૂધ્ધ સ્ટેચ્યુટરી પ્રીઝમ્શન થાય.

In view of the statutory presumption mentioned, in third proviso of section 135(1) of the Act. Once the prosecution successfully establishes the charges against the accused regarding direct theft of electricity, it is to presumed that the accused committed direct theft of electricity unless accused brought some evidence to rebut the presumtion.

(૧૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબ આ કામના મૂળ ફરીયાદી

–સાહેદ નં.૬, વિપુલભાઈ ગીરજાશંકર પુરોહિતએ આંક–૨૬થી કોર્ટ રૂબરૂ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૩–૦૫–૧૯ના રોજ તેઓ ચોરવાડ મુકામે પીજીવીસીએલ કચેરીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમની કચેરીના અધિકારીશ્રીઓ બી.સી.રાઠોડ, બી.ટી.ગોહેલ, એસ.બી. ગૌસ્વામી, બી.કે.કાતરીયા તથા તેમની સાથે લાઈનમેન તથા મીટર ટેસ્ટર હતા, તેઓએ તેમના વિસ્તાર હેઠળ આવતી કાર્યક્ષેત્ર કચેરીનાં વિસ્તારમાં વિજ ચેકીંગ કરતાં, ચોરવાડ મુકામે દુધેશ્વર વિસ્તાર જે તાલુકા માળીયા હાટીનાની અંદર આવે છે, તે વિસ્તારમાં પીજીવીસીએલના ગ્રાહક/આરોપી વશરામભાઈ ભીખાભાઈ ચુડાસમાને ત્યાં ચેકીંગ કરેલ. વધુમાં જણાવે છે કે, ત્યારે આરોપી વિજ ચોરી કરતા પકડાયેલ અને આરોપી પાસે કાયદેસરનું કનેકશન હોવા છતાં તમારા જીંગા ફાર્મની પાસે આવેલ ચાર ખુલ્લા કરેલ એબીસી પોલમાંથી લંગર નાંખી સીધુ વિજ જોડાણ કરી અને વિજ ઉપકરણો ચલાવતા હોય, આરોપીને સ્થળ ઉપર જ ચોરી કરતા પકડેલ અને તેઓના અધિકારીશ્રીઓએ સ્થળ રોજકામ કરેલ. એનેક્ષર–૪ તૈયાર કરેલ અને સ્થળ ઉપરથી ગેરકાયદેસરનો મુદ્દામાલ કબજે કરેલ, જેમાં એક ફેસપેપર પેકમીટર ટી.સી. સર્વિસ કેબલ ૧૦ સ્કવેર એમ.એમ. ૨ કોર આશરે ૪૦ મીટર બીન અધિકૃત ૬ સ્કવેર એમ.એમ. ૪ ફોર (બે વાયર જોઈન્ટ) આશરે ૧૫ મીટર અને ૬ સ્કવેર એમ.એમ. ૪ ફોર (બે વાયર ભેગા કરી હુક બનાવેલ), જે કુલ સર્વિસ વાયર ૬૦ મીટર હતો. તેઓની પાસે દસ્તાવેજ રજુ કરતા તેઓએ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન જુનાગઢને પાવર ચોરી અંગેની ફરીયાદ આપેલી, જે ફરીયાદ કુલ રૂા.૧૫,૧૮,૭૨૬–૨૮ પૈસા કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ રૂા.૧,૨૫,૦૦૦/– અલગથી આકારેલ, જે અંગેની લેખીત ફરીયાદ તેઓએ આપેલ, જે તેઓએ પોતાની સહી ઓળખી બતાવી આંક–૨૭થી રજુ રાખેલ છે, તેમજ તેઓએ આરોપીને એનેક્ષર–૧૨ મુજબનું વિજચોરીનું બિલ રકમ

ભરવા માટેની નોટીસ આપેલી, જે નોટીસમાં કુલ રૂા.૧૬,૪૩,૭૨૬–૨૮ પૈસાની લેણી રકમ હતી, જે નોટીસ તથા પાવર ચોરીનું બિલ જે કુલ રૂા.૧૬,૪૩,૭૨૬–૨૮ પૈસાનું છે તે તેઓએ પોતાની સહી ઓળખી બતાવી આંક –૨૮ તથા ૨૯ થી રજુ રાખેલ છે.

બચાવ પક્ષે વિધ્વાન વકીલશ્રીએ ઉકત ફરીયાદીની ઉલટતપાસ કરેલી, જેમાં તેઓ જણાવે છે કે, તેઓ બનાવવાળી જગ્યાએ ચેકીંગ વખતે સાથે ન હતા. એ વાત ખરી છે કે, આ ચેકીંગ વખતનું રોજકામ તેઓએ કરેલ નથી. એ વાત ખરી નથી કે, કયા ઉપકરણોથી ચોરી થયેલ છે તે રોજકામમમાં લખેલ નથી. એ વાત ખરી નથી કે, પાવર ચોરીના સ્થળ અંગેનું રોજકામ થયેલ નથી. તેઓ કહી શકુ નહીં કે, પાવર ચોરી કરતી વખતે લંગરીયુ લગાડે તો તે નાંખનારને શોટ લાગે છે. પ્રશ્નના જવાબમાં જણાવે છે કે, પાવર ચોરી વાળા સ્થળના પુરાવા તેઓએ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, અમારા ચેકીંગ અધિકારીની કામગીરી બતાવવા અમે ખોટી ફરીયાદ આપેલી.

વિધ્વાન પ્રોસીકયુટરશ્રી ધ્વારા મજકુર ફરીયાદીની જુબાની થકી આંક–૨૭ થી ફરીયાદ, આંક–૨૮ થી વિજ ચોરીની રકમ ભરપાઈ કરવા બાબતે આરોપીને આપેલ નોટીસ તથા આંક–૨૯ થી વિજ ચોરીનું બિલનું નિષ્પાદન પુરવાર કરેલ છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૪૫, ૪૭, ૬૭ મુજબ પુરાવાઓ રજુ રાખેલ છે.

ઉકત સાહેદની જુબાની પરથી ફલિત થાય છે કે, સદર ફરીયાદી કે જેઓ પીજીવીસીએલના ચોરવાડ સબ–ડીવીઝનના નાયબ ઈજનેર છે, એટલે કે, તેઓએ પોતાના હોદૃા અને કચેરીના વડાની રૂએ રેકર્ડ આધારીત ફરીયાદ આપેલી તથા હાલની જુબાની આપેલ છે તેમજ આરોપીને જે વિજ ચોરીનું બિલ

આપવામાં આવેલ તે સદર ફરીયાદી ધ્વારા જ આપવામાં આવેલ છે. તેઓની કચેરીના ગ્રાહક/આરોપી વશરામભાઈ ભીખાભાઈ ચુડાસમાને ત્યાં ચેકીંગ કરવામાં આવેલ, ત્યારે આરોપી વિજ ચોરી કરતા પકડાયેલ અને આરોપી પાસે કાયદેસરનું કનેકશન હોવા છતાં તેના જીંગા ફાર્મની પાસે આવેલ ચાર ખુલ્લા કરેલ એબીસી પોલમાંથી લંગર નાંખી સીધુ વિજ જોડાણ કરી અને વિજ ઉપકરણો ચલાવતા હોય, આરોપીને સ્થળ ઉપર જ ચોરી કરતા પકડેલ અને કંપનીના અધિકારીશ્રીઓએ સ્થળ રોજકામ કરેલ. પ્રોસીકયુટરશ્રી ધ્વારા રજુ થયેલ ઉકત આંક-૨૭ થી ૨૯ ના દસ્તાવેજી પુરાવાની વિગતો ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૫૭ મુજબ સાહેદ નં.૬ની જુબાનીને સમર્થનકારી છે.

(૧૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબના ચેકીંગ અધિકારી ભરતભાઈ છગનભાઈને ફરીયાદ પક્ષે આ કામે સાહેદ નં.૧ તરીકે તપાસેલા છે, તેઓએ આંક-૧૨ થી કોર્ટ રૂબરૂની જુબાનીમાં સોગંદ પર જણાવેલ છે કે, તા.૦૩-૦૫-૧૯ના રોજ તેઓ રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે તેઓને તેમની વડી કચેરીની સુચના મળ્યા મુજબ તેમને ચેકીંગ અર્થે જવાનું હોય, જેથી તેઓ તથા તેમની સાથે વી.પી. ગોહેલ, એસ.બી.ગૌસ્વામી, બી.કે.કાતરીયા, એ.આઈ. ચૌહાણ, એન.એન. પટેલ, એ.કે.અઘેરા વગેરે સ્ટાફ સાથે તેઓ જુનાગઢના ચોરવાડ વિસ્તાર સબ-ડીવીઝનના દંડેશ્વર વિસ્તારમાં વિજ ચેકીંગ અર્થે ગયેલા. ત્યાં એક ઈસમ હાજર હોય, તેણે પોતાનું નામ ભીખાભાઈ પુંજાભાઈ પંડીત હોવાનું જણાવેલ.તે જગ્યાએ જીંગા ફાર્મ હોય અને જીંગા ફાર્મના માલીક વશરામભાઈ ભીખાભાઈ ચુડાસમા હોય, તે જગ્યાએ વિજ ચેકીંગ કરતા સદરહુ જગ્યાએ કનેકશન વાળા મીટરમાંથી બે નંગ કીટકેટ ફયુઝમાંથી ફકત જીંગા ઉછેરના ખાડાને ફરતી આવેલ ૩૦ નંગ એલ.ઈ.ડી. લેમ્પમાં વિજ પુરવઠો તે મીટરમાંથી આપેલ હોય અને જીંગા ઉછેરના

ખાડામાં આવેલ પાણી ફેરવવાના એરીપેટલ મશીનો કુલ નંગ–૧૬ ની ઈલેકટ્રીક મોટરો બે હોર્સ પાવરની વિજ જોડાણ સદરહુ જીંગા ફાર્મ પાસે આવેલ પી.જી.વી.સી.એલ.ના ચાર લાઈન વાળા બે અલગ– અલગ પોલ ઉપરથી પીળા રંગના સર્વિસ વાયર ૬ એમ.એમ. ચાર કોર એલ્યુ પીવીસી કેબલ વાયર નંગ–૨, જેની લંબાઈ ૬૦ મીટર અને ૧૫ મીટર વડે પોલના ફ્યુઝ ન્યુટ્રલના વાયરોમાંથી બન્ને છ એમ.એમ. ચાર કોર કેબલો તથા બીજા છેડાને સદરહુ જગ્યાએ આવેલ લાકડાના પાટીયામાં ફીટ કરેલ ચાર નંગ ૨૦૦ એ કીટકેટ ફ્યુઝમાં આપી ફ્યુઝના આઉટ ગોઈંગ ભાગથી સદર પાટીયામાં ફીટ કરેલ ૧૨ નંગ સ્ટાર્ટર તેમજ અન્ય પીળા રંગના ૬ એમ.એમ.ચાર કોર કેબલ વાયર લંબાવી આશરે ૮૦ મીટર જેટલા વાયરને અન્ય લાકડાના પાટીયામાં ફીટ કરેલ ચાર નંગ સ્ટાર્ટરમાં વિજ જોડાણ આપી ડાયરેકટ અન અધિકૃત રીતે મીટર બાયપાસ કરી પાવર ચોરી કરતા પકડાયેલ. તેઓ વધુમાં જણાવે છે કે, સ્થળ ઉપર તેઓએ ચેકીગ શીટ નં. ૪૨૪૭૨૩ ભરેલ અને સ્થળ રોજકામ કરી એનેક્ષર–૪માં દર્શાવ્યા મુજબનો મુદ્દામાલ કબ્જે કરી સાથે કાગળો ચોરવાડ સબ ડીવીઝનમાં સોંપવામાં આવેલ. તેઓને નામદાર કોર્ટના રેકર્ડમાંથી ચેકીંગ શીટ તથા સ્થળ રોજકામ તેમજ એનેક્ષ્ચર–૪ જે પોતાના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ હોવાનું જણાવી, તેમાં તેઓએ પોતાની તથા સાથી કર્મચારીઓની સહીઓ ઓળખી બતાવી આંક–૧૩ થી ૧૫ સુધી તેમજ તેઓએ પી.જી.વી.સી.એલ. ચોરવાડને ગેટપાસ જમા કરાવેલ તે ગેટપાસ પણ પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૬થી રજુ રાખેલ છે.

બચાવ પક્ષની ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, હાથ ઉપરના કામમાં ચેકીંગ વાસ્તે જવા માટે તેઓની કચેરી તરફથી તેઓને કોઈ લેખીત આદેશ મળેલ હોય તેવો કોઈ લેખીત આદેશ હાથ રજુ રાખેલ નહીં. એ વાત ખરી છે કે, આ અગાઉ બનાવ વાળી જગ્યાએ કદી ગયેલ નથી.

એ વાત ખરી છે કે, તેઓ દવારા આ કામના સ્થળની માલીકી વિશેના કોઈ પુરાવા એકત્રીત કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, આ જગ્યાની આજુબાજુ ઘણા માણસોની અવર–જવર ચાલુ હોય છે. એ વાત ખરી છે કે, કબ્જે કરેલ મુદ્દામાલ સહેલાઈથી બજારમાં મળી શકે. એ વાત ખરી છે કે, પંચ રોજકામ, સ્થળ સ્થિતિ કરતા અગાઉ આરોપીને કોઈ નોટીસ આપી જાણ કરવામાં આવેલ નથી.

વિધ્વાન પ્રોસીકયુટરશ્રીએ તેમની જુબાની થકી આંક–૧૩ થી ૧૬ સુધીના દસ્તાવેજી પુરાવાનું નિષ્પાદન પુરવાર કરેલ છે. સદરહું દસ્તાવેજની વિગતો રેકર્ડ પર પુરવાર થયેલ છે, જે વંચાણે લેતાં, આંક–૧૩ થી તપાસણી અહેવાલની ખરીનકલ, આંક–૧૪ થી કબજે લીધેલ મુદ્દામાલની વિગત દર્શાવતા પત્રકની ખરીનકલ, આંક–૧૫ થી સ્થળ પરના રોજકામની ખરીનકલ તથા આંક –૧૬ થી ગેટ પાસની ખરીનકલ રજુ થયેલ છે. જે ધ્યાને લેતાં, ગુનાવાળા સ્થળ પર વિજ ચેકીંગ ટીમના અધિકારીએ કરેલ સ્થળ રોજકામ તેમજ ગુના કામે કબજે લીધેલ વસ્તુની યાદી છે, જેના પરથી પુરવાર થયેલ છે કે, ચોરવાડના સીમ વિસ્તારમાં દંડેશ્વર વિસ્તારમાં પી.જી.વી.સી.એલ.ના ચેકીંગ અધિકારી તથા કર્મચારીઓ તા.૦૩–૦૫–૨૦૧૯ના રોજ આરોપીના જીંગા ફાર્મ વાળા સ્થળ પરના રોજકામમાં ચિત્રણ કરેલ ઠેકાણે વિજ ચોરી અંગે ચેકીંગ કરવા ગયેલા, ત્યારે આરોપી પોતાના જીંગા ફાર્મ પાસે આવેલ પી.જી.વી.સી.એલ.ના ચાર લાઈનવાળા બે અલગ–અલગ પોલ પરથી પીળા કલરની સર્વિસ વાયર ૬ એમ.એમ. ચાર કોર એલ્યુ. પીવીસી કેબલ વાયર નંગ–૨, જેની લંબાઈ ૬૦ મીટર અને ૧૫ મીટર વડે પોલના ફયુઝ ન્યુટ્રલના વાયરોમાંથી બન્ને ૬ એમ.એમ. ચાર કોર કેબલો તથા બીજા છેડાને સદર જગ્યાએ આવેલ લાકડાના પાટીયામાં ફીટ કરેલ ચાર નંગ ૨૦૦એ કીટકેટ ફયુઝમાં આપી, ફયુઝના આઉટ ગોઈંગ ભાગથી સદર પાટીયામાં ફીટ કરેલ ૧૨ નંગ સ્ટાર્ટર તેમજ અન્ય પીળા રંગના ૬

એમ.એમ. ચાર કોર કેબલ વાયર લંબાવી આશરે ૮૦ મીટર જેટલા વડે અન્ય લાકડાના પાટીયામાં ફીટ કરેલ ચાર નંગ સ્ટાર્ટરમાં વિજ જોડાણ આપી ડાયરેકટ અનઅધિકૃત રીતે મીટર બાયપાસ કરી જીંગા ઉછેરના ખાડામાં આવેલ પાણી ફેરવવાના એરીપેટર મશીનો કુલ નંગ–૧૬ ની ઈલેકટ્રીક મોટરો બે હોર્સ પાવરની વિજ જોડાણ કરી વાણીજય હેતુ માટે આરોપીએ બીનઅધિકૃત રીતે વિજ વપરાશ કરતા ચેકીંગ દરમ્યાન મળી આવેલ. સદરહું બાબતે વિજ કંપનીના ચેકિંગ અધિકારી ધ્વારા ચેકીંગ શીટ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ. ચેકીંગ અધિકારી ધ્વારા એનેક્ષર–૪ મુજબની વિગત ભરવામાં આવી, જેના પરથી ફલિત થયેલ કે, વિજ ચેકીંગ ટીમ ધ્વારા વિજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ–૧૩૫ની પેટા કલમ ૨ મુજબ તેમજ ગુજરાત સરકારશ્રીના હુકમ નં.જીયુ–૨૦૦૪–(૩૭)–ઈએલએ–૧૧૦૩–૯૫૩૯–ક, તા.૦૫–૦૬–૨૦૦૪ ધ્વારા તેમને અપાયેલ સત્તાની રૂઈએ કાર્યવાહી કરેલી. આંક–૧૪ જે એનેક્ષર–૪ છે, તે ચેકીંગ અધિકારીનું અગાઉનું લેખિત નિવેદન છે અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૭ મુજબ વિધ્વાન પ્રોસીકયુટરશ્રીએ તેને સાહેદની કોર્ટ રૂબરૂની જુબાનીના સમર્થનમાં કરેલ છે. આરોપી પી.જી.વી.સી.એલ.ના ગ્રાહક હોવા છતાં, પોતે કરેલ કાયદેસરનો વિજ વપરાશ વિજ મીટરમાં ન નોંધાય તે માટે વિજ મીટરને બાયપાસ કરી, વિજ કંપનીના વિજ પોલ પરથી ડાયરેકટ વિજ જોડાણ કરી આરોપીએ ૨૪.૨૩૨ કિલો વોટસ વિજ વપરાશ અનઅધિકૃત રીતે કરી, બદઈરાદાપૂર્વક વિજ ચોરી કરવાનું ફલિત થાય છે. એનેક્ષર–૪ ની રૂઈએ સ્થળેથી વિજ વાયરો તથા વિજ મીટરની રીકવરી થઈ છે.

ઉલ્લેખનીય છે કે, ચોરવાડ દંડેશ્વર મહાદેવ મંદિર પાસે આરોપીના કબજા હવાલાનું જીંગા ફાર્મ આવેલ છે. સદરહું સ્થળ પરનો કબજો–ભોગવટો હાલના આરોપીનો નથી તેવું પુરવાર કરવાનો બોજો ભારતીય પુરાવા

અધિનિયમની કલમ–૧૦૫ મુજબ આરોપી પર છે, જે બાબત આરોપી રેકર્ડ પર લાવેલ નથી. પ્રોસીકયુટરશ્રીએ આંક–૧૩ થી તપાસણી અહેવાલ, આંક–૧૪ થી કબજે લીધેલ મુદ્દામાલની વિગત દર્શાવતું પત્રક, આંક–૧૫ થી સ્થળ પરનું રોજકામ તથા આંક–૧૬ થી ગેટ પાસનું નિષ્પાદન ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૪૫ તથા કલમ–૬૭ મુજબ પુરવાર કરેલ છે, તેથી બચાવ પક્ષની દલીલ કે જે સ્થળે વિજ ચોરી થઈ તે આરોપીનું નહોતું તેને સ્વીકાર્ય નથી. આરોપીએ ચોરવાડ દંડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ વિજ થાંભલા પરના વાયરમાંથી ડાયરેકટ વિજ પ્રવાહ મેળવીને વિજ ચોરી કરી હોય, બચાવ પક્ષની દલીલ કે પ્રોસીકયુશન ફીડર નંબર અને વિજ પોલ નંબર રેકર્ડ પર લાવેલ નથી, તેથી આરોપીને લાભ મળવો જોઈએ તે દલીલ વ્યર્થ છે.

(૧૩) ફરીયાદ પક્ષ તરફે આંક–૧૭થી તપાસેલ સાહેદ સંજીવગીરી ભીખનગીરી ગૌસ્વામી, આંક–૧૮થી તપાસેલ સાહેદ અશ્વિનભાઈ ઈશ્વરભાઈ ચૌહાણ, આંક–૨૧થી તપાસેલ સાહેદ વિરજીભાઈ પરસોતમભાઈ ગોહેલ, આંક–૨૨થી તપાસેલ સાહેદ નિતેશભાઈ નાનજીભાઈ પટેલ, આંક–૩૨થી તપાસેલ સાહેદ ભરતભાઈ કેશવભાઈ કાતરીયા તથા આંક–૩૩થી તપાસેલ સાહેદ અમૃતભાઈ ખીમજીભાઈ અઘેરા, કે જેઓ તમામ પીજીવીસીએલના જ કર્મચારી/ અધિકારી છે અને ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબની વિજ ચેકિંગની કાર્યવાહીના સભ્ય હતા, સદર તમામ સાહેદોએ પણ પોતાની સરતપાસના પુરાવામાં ઉપરોકત સાહેદ/ચેકિંગ અધિકારી ભરતભાઈ છગનભાઈના આંક–૧૨ ના મૌખિક પુરાવા મુજબની જ તમામ હકીકતોને સમર્થનકારી હકીકતો જણાવેલ છે તેમજ આંક–૧૩ થી ૧૬ સુધીના દસ્તાવેજી પુરાવામાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદરહું સાહેદોનો મૌખિક પુરાવો વિશ્વસનીય છે અને તેઓ બનાવની હકીકતો સંદર્ભે ઉલટતપાસના માધ્યમ છતાં વિચલીત થયેલ નથી.

પી.જી.વી.સી.એલ.ના સાહેદો જે પ્રત્યક્ષ સાહેદો છે, તેમનો ડોકયુમેન્ટેશનનો પુરાવો રજુ છે, ત્યારે તેમણે વિજ ચેકીંગમાં આરોપીને વિના કારણ ચોરીમાં સંડોવ્યાની સંભાવના નથી.

(૧૪) ફરીયાદ પક્ષના સાહેદ નં.૧૧, પી.એસ.ઓ. રેનિશકુમાર રતીલાલ વડારીયાએ આંક–૪૧થી કોર્ટ રૂબરૂ સોગંદ પર જણાવેલ છે કે, તા.૦૪–૦૫–૨૦૧૯ના રોજ તેઓ તેમની પી.એસ.ઓ. ફરજ પર કલાક ૦૦:૦૦ થી ૮:૦૦ દરમ્યાન ચોરવાડ પીજીવીસીએલ સબ ડીવિજનના ના.ઈજનેર શ્રી વિપુલકુમાર ગીરજા શંકર પુરોહીતની એક વિજ ચોરીની લેખીત ફરીયાદ ગુન્હો નોંધવા માટે મળતાં, આરોપી વશરામભાઈ ભીખાભાઈ ચુડાસમા વિરૂધ્ધ વિજ ચોરીની કિંમત રૂા.૧૫,૧૮,૭૨૬–૨૮ પૈસાની સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં. ૫ થી ગુ.ર.નં. ।।–૮૭૨/૨૦૧૯થી ગુન્હો રજી. કરી, ફરીયાદનો એફ.આઈ.આર.ના ફોર્મમાં સી.આર.પી.સી.૧૫૪ મુજબ ઉતારો કરેલ. જે એફ.આઈ.આર. તથા આ ગુનાની તપાસ પી.એસ.આઈ.શ્રી એચ.સી.ગોહીલને સોંપ્યાની યાદી તેઓએ પોતાની સહી ઓળખી બતાવી આંક–૪૨ તથા ૪૩ થી રજુ રાખેલ છે.

સદર પોલીસ સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ ફરીયાદ રજીસ્ટર કરવા સિવાય અન્ય ગુન્હાની તપાસ સોંપ્યા સિવાય કોઈ કાર્યવાહી કરેલ નથી, વિજ ચોરીના બનાવ અંગે તેમને જાતમાહીતી નથી.

(૧૫) ફરીયાદ પક્ષના સાહેદ નં.૧૨, તપાસ કરનાર અધિકારી હસમુખભાઈ બચુભાઈ ગોહિલે આંક–૪૫ થી કોર્ટ રૂબરૂ સોગંદ પર જણાવેલ છે કે, તા.૦૪–૦૫–૨૦૧૯ના રોજ તેઓ જીયુવીએનએલ પો.સ્ટે.માં ઈ/ચા. પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે જીયુવીએનએલ પો.સ્ટે.ના

પી.એસ.ઓ.તરફથી ગુ.ર.નં. ૮૭૨/૧૯ની તપાસ તેમને મળેલી, જે ચાદી આંક–૪૩ થી રજુ છે, સાથે સાધનીક કાગળો મળેલ જેમાં ચેકીંગ શીટ, રોજકામ, સીઝર મેમો, ગેટપાસ, ફરીચાદ તેમજ પીજીવીસીએલ ધ્વારા આપવામાં આવેલ બિલ તેમજ નોટીસો તેમજતેઓએ તા.૦૮ –૦૫–૧૯ના રોજ બનાવ વાળી જગ્યાનું પંચનામું બે પંચો ધીરૂભાઈ સામતભાઈ ડાભી તેમજ સાગરભાઈ જીણાભાઈ ભુવાની હાજરીમાં અને તેમના લખાવ્યા મુજબ લખેલું, તે આંક–૩૭ થી રજુ છે. તેઓ વધુમાં જણાવે છે કે, જો પંચો એમ કહેતા હોય કે, તેઓ રૂબરૂ પંચનામુ થયેલ નથી, તો તે વાત ખોટી છે. સદરહુ પંચનામામા રૂબરૂ તરીકે તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓએ આ કામે આંક–૪૨ થી ફરીચાદનો ઉતારો તપાસના કામે સામેલ રાખેલ તેમજ તપાસના કામે લાગતા–વળગતા સાહેદો સંજયગીરી ભીખનગીરી, અશ્વીનભાઈ ઈશ્વરભાઈ ચૌહાણ, ભરતભાઈ છગનભાઈ રાઠોડ, વિરજી પરસોતમભાઈ ગોહેલ, નીતેષભાઈ નાનજીભાઈ પટેલ, ભરતભાઈ કેશવભાઈ કાતરીચા, અમૃતલાલ વિરજીભાઈ અઘેરા, ભીખાભાઈ પુંજાભાઈ પંડીતના નિવેદન તેમના લખાવ્યા મુજબ નિવેદન લખેલ. તેઓની તપાસ દરમ્યાન તેમને મળેલ સાધનીક કાગળો તથા નિવેદનો તથા રોજકામનો અભ્યાસ કરી, આરોપી સામે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ હોવાનું જણાવી, તેઓએ અદાલત સમક્ષ આરોપીને ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષે વિધ્વાન વકીલશ્રીએ ઉકત તપાસ કરનાર અમલદારની ઉલટતપાસ કરેલી, જેમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી નથી કે, તેઓને વિજ ચોરીના બનાવ વાળી જગ્યાએ જવાનો પ્રસંગ બનેલો જ નથી. એ વાત ખરી છે કે, બનાવ વાળી જગ્યા કોની માલીકીની હતી તે દર્શાવતો દસ્તાવેજી આધાર તેઓએ મેળવેલો નહીં. એ વાત ખરી છે કે, આ કેસમાં વિજ

ચોરીના ઉપરકરણો તેઓની હાજરીમાં કબ્જે થયેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલ છે.

પંચો હોસ્ટાઈલ થાય એટલે બચાવ પક્ષના વિધ્વાન વકીલશ્રી, કેસમાં એકવીટલ જ થાય તેવી આશા રાખે તે વ્યર્થ છે. અત્રેના કિસ્સામાં ફરીયાદ પક્ષના સાહેદ નં.૯, ધીરૂભાઈ સામતભાઈ ડાભી તથા ફરીયાદ પક્ષના સાહેદ નં. ૧૦, સાગરભાઈ જીણાભાઈ ભુવા, જેઓ આંક-૩૭ના બનાવ સ્થળના પંચનામાના પંચ છે, તેઓ પંચનામાની હકીકતથી વિમુખ થયેલ, પણ તેઓ જે બાબતે વિમુખ થયેલ, તે વિમુખતા તપાસ કરનાર અમલદારની જુબાની ધ્વારા પુરવાર થયેલ છે અને તપાસ કરનાર અમલદાર તે પંચનામાની કાર્યવાહી કર્યા સબબના કથન વિશ્વસનીય રહેલ છે.

(૧૬) સર્વાંશે જોઈએ તો, વિધ્વાન પ્રોસીકયુટરશ્રીએ પુરવાર કરેલ છે કે, ચોરવાડ મુકામે દંડેશ્વર મહાદેવ મંદિર પાસે આરોપીના ભોગવટાના જીંગા ફાર્મમાં પી.જી.વી.સી.એલ.ના અધિકૃત ચેકીંગ ટીમના સભ્યોએ તા.૦૩-૦૫-૨૦૧૯ના રોજ તપાસણી કરી, ત્યારે પી.જી.વી.સી.એલ. કે જે વિજ પ્રવાહ વિતરણ કરતી કંપની છે, તેના ચાર લાઈનવાળા બે અલગ-અલગ પોલ પરથી આરોપીએ પીળા કલરની સર્વિસ વાયર વડે પોલના ફ્યુઝ ન્યુટ્રલના વાયરોમાંથી કેબલ વાયરો લંબાવી અનઅધિકૃત રીતે મીટર બાયપાસ કરી જીંગા ઉછેરના ખાડામાં આવેલ પાણી ફેરવવાના એરીપેટર મશીનો કુલ નંગ-૧૬ની ઈલેકટ્રીક મોટરો બે હોર્સ પાવરની વિજ જોડાણ કરી વાણીજય હેતુ બીનઅધિકૃત રીતે વિજ વપરાશ કરતા હતા. વિજ ચેકીંગ ટીમે આરોપીના જીંગા ફાર્મનું વિજ મીટર તથા વાયરો કબજે લીધેલા. આરોપીના ભોગવટાની જગ્યા ઉપર ચેકીંગ સમયે વિજ કંપનીના પોલ

પર ડાયરેકટ વાયરો જોડીને તે રીતે વિજ વપરાશ સીધો ચાલતો હતો, જે બાબતે આરોપી પાસે કોઈ ખુલાસો ન હતો. વિજ ચેકીંગ ટીમના સત્તાવાર અધિકારી ધ્વારા સ્થળ ઉપર રોજકામ કરી, વિજ ચોરી કંઈ રીતે થાય છે તેનો તાદ્રશ અહેવાલ તૈયાર કરેલો, આરોપીને વિજ ચોરી અંગેનું બિલ આરોપીને આપવામાં આવેલ. આરોપી વિરૂધ્ધ ધી ઈન્ડીયન ઈલેકટ્રીસિટી એકટ, ૨૦૦૩ની કલમ–૧૩૫(૧) પરંતુક મુજબ જે સ્ટેચ્યુટરી અનુમાન થયેલ છે, તેનું બચાવ પક્ષ ખંડન કરી શકેલ નથી.

આમ, ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપી પી.જી.વી.સી.એલ.ના ગ્રાહક હોવા છતાં, પોતે કરેલ કાયદેસરનો વિજ વપરાશ વિજ મીટરમાં ન નોંધાય તે માટે પોતાના કાયદેસરના વિજ જોડાણના વિજ મીટરને બાયપાસ કરી, વિજ કંપનીના વિજ પોલ પરથી ડાયરેકટ વિજ જોડાણ કરી આરોપીએ અનઅધિકૃત રીતે વિજ વપરાશ કરી, બદઈરાદાપૂર્વક વિજ ચોરી કરેલ હોય, સબબ મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં કરવામાં આવે છે અને આરોપીને ધી ઈન્ડીયન ઈલેકટ્રીસિટી એકટ, ૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે. જેથી આ કામ આરોપીને સજા લગત સાંભળવા વાસ્તે મુલતવી.

આ હુકમ આજ તારીખ : ૦૯ મી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

કેશોદ,
તા.૦૯–૦૬–૨૦૨૬

(**હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી**)
એડિશ્નલ સેશન્સ જજ,
કેશોદ.
GJ 00576

**સજા અંગે સાંભળ્યાં.**

(૧૭) સજા અંગે આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી આર.ડી.વાઢેરે દલીલ કરેલ છે કે, આરોપી ગરીબ છે, યુવાન વયના છે, તેઓનો આ પ્રથમ ગુન્હો છે, તેઓના માતા–પિતા વૃધ્ધ વયના છે, તેઓના પત્ની તથા બાળકોને અન્ય કોઈ આધાર નથી તેમ જણાવી, આરોપીને હળવી સજા કરવા અરજ ગુજારેલ છે.

(૧૮) જયારે વિધ્વાન સરકારી વકીલ શ્રી એ. એમ. પારેખે રજુઆત કરેલ કે, આરોપી વિરૂધ્ધનો આ વિજ ચોરીનો ગુન્હો પુરવાર થયેલ છે, આરોપીએ પોતાના આર્થિક લાભ માટે ઘણી જ મોટી રકમની વિજ ચોરી આચરેલ છે, જેથી હળવાશથી લેવાપાત્ર નથી અને આરોપીને મહત્તમ સજા અને દંડ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૧૯) બંને પક્ષને સાંભળ્યા બાદ તેમજ રેકર્ડ જોયા બાદ અને ઉપરોકત ચર્ચા કર્યા બાદ આરોપી વિજ કંપનીના ગ્રાહક ન હોવા છતાં, ઘર વપરાશ હેતુ માટે પી.જી.વી.સી.એલ.ના હળવા દબાણની વિજ લાઈનના પોલ ઉપરથી ડાયરેકટ બિનઅધિકૃત રીતે વિજ જોડાણ કરી, વિજ ચોરી કરતા, તા.૦૩–૦૫–૨૦૧૯ના રોજ વિજ કંપનીના અધિકારીઓ ધ્વારા ચેકીંગની કાર્યવાહી દરમ્યાન પકડાઈ જઈ, આરોપીએ રૂા.૧૫,૧૮,૭૨૬–૨૮ પૈસાની વિજ ચોરી કરી, ધી ઈન્ડીયન ઈલેકટ્રીસિટી એકટ, ૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થયેલ છે. વિજ ચોરી એ માત્ર કોઈ એક કંપનીને આર્થિક નુકશાન પહોંચાડવાનો ગુન્હો નથી, પરંતુ તે રાષ્ટ્રીય સંપતિનું નુકશાન અને પ્રમાણિક વિજ ગ્રાહકો પર આર્થિક બોજ વધારતો ગંભીર પ્રકારનો સામાજીક અને આર્થિક ગુન્હો છે. આથી, ગુન્હાની ગં ભીરતાને ધ્યાનમાં રાખી, ન્યાયના હિતમાં મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી

હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

૧) આરોપી વશરામભાઈ ભીખાભાઈ ચુડાસમા, રહે.દંડેશ્વર મહાદેવ મંદિર પાસે, ચોરવાડ, તા.માળીયા હાટીના, જી.જુનાગઢ વાળાને ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૩૫(૨) અન્વયે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસિટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબના ગુન્હા અન્વયે ૦૩(ત્રણ) વર્ષની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨) આ કામના આરોપીએ આ કામે જેલમાં સમય પસાર કરેલ હોય તે તેને ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ હેઠળ મજરે આપવા હુકમ કરવામાં આવે છે.

૩) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૩ અન્વયે આ ચૂકાદાની એક ખરીનકલ સત્વરે અને વિના મુલ્યે પુરી પાડવી.

૪) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાયરની અપીલ સમય વીત્યા બાદ જાહેર હરરાજી કરી, ઉપજેલ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે, તથા અન્ય મુદ્દામાલ વિજ મીટર પીજીવીસીએલ ચોરવાડ સબ– ડીવીઝનના જવાબદાર અધિકારી/કર્મચારીને સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૦૯ મી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

કેશોદ,
તા.૦૯–૦૬–૨૦૨૬

(**હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી**)
એડિશ્નલ સેશન્સ જજ,
કેશોદ.
GJ 00576

NKM